# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/294 Dt. 12/01/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# માગવી પડે એ લાગણી નહીં: ડૉ. નિમિત્ત ઓઝા

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'જીવન ગણિત' વિચારશ્રેણી અંતર્ગત ડૉ. નિમિત્ત ઓઝાએ ટૂંકા પ્રસંગો, સૂત્રો, સિદ્ધાંતો દ્વારા 'લાગણીનું ગણિત' સમજાવ્યું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા આયોજિત અને અત્યંત લોકપ્રિય બની રહેલી અનોખી વિચારશ્રેણી 'જીવન ગણિત' અંતર્ગત શનિવાર, તા. 10 જાન્યુઆરીના રોજ સાંજે 5:00 કલાકે સમૃદ્ધિ ખાતે જાણીતા લેખક ડૉ. નિમિત્ત ઓઝાએ લાગણીનું ગણિત સમજાવ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે સમૃદ્ધિના તમામ હૉલ ખીચેખીચ ભરાઈ જાય એ જ આખી શ્રેણીની સફળતા છે.

ડૉ. નિમિત્ત ઓઝાએ કહ્યું કે લાગણીનું ગણિત એ વિરોધાભાસ છે કેમ કે લાગણીનું કોઈ ગણિત નથી. ગણિતમાં પ્રમેય હોય, સાબિતી હોય, સિદ્ધાંતો હોય. પણ હું અહીં લાગણીને ગણિતના સ્વરૂપમાં પ્રસ્તુત કરીશ. લાગણીના પાંચ સિદ્ધાંતો છે. કોઇ લાગણી અંતિમ નથી હોતી, જે ઊર્જા ગતિમાં છે એ લાગણી

ઉત્પન્ન કરે છે. દરેક લાગણી ૧૦ સેકન્ડ જ ટકે છે. ૧૦ સેકન્ડ પછીનું જે છે એ આપણે પકડી રાખ્યું છે. તેમણે પ્રસંગો દ્વારા સમજાવ્યું કે લાગણીનો બીજો સિદ્ધાંત એ છે કે જે લાગણી બ્રહ્માંડમાં મોકલો છો એ પાછી આવે છે. ત્રીજો સર્વવ્યાપી સિદ્ધાંત એ છે કે લાગણીઓ ચેપી હોય છે. મૂવી જોતા કોઈને રડવું આવે તો આપણને રડવું આવી જાય છે. હસતા જોઈએ તો હસવું આવી જાય છે. તેમણે આ સંદર્ભમાં એક અદ્ભૂત વાર્તા શેર કરી હતી.

તેમણે કહ્યું કે માણસ એક જ ઓરડામાં રહેતો હોય છે, ઘરના બાકીના રૂમમાં એનો અહંકાર રહેતો હોય છે, જેટલું ઘર મોટું એટલી દિવાલો મજબૂત થતી જાય છે. સંતોષ, કરૂણા (દયા-સહાનુભૂતિ)) અને કૃતજ્ઞતા- આ ત્રણ લાગણીઓ એવી છે જે આત્મસાત્ કરવાથી જીવતર સુધરી જાય.

તેમણે એક સૂત્ર પણ આપ્યું કે જેની માગણી કરવી પડે એ લાગણી નથી. લાગણી તો આપોઆપ ઉદ્ભવે. પ્રેમની ભાષા સમજાવતા કહ્યું કે જેમ બધા ઈંડા એક જ ટોકરીમાં ન મૂકાય એવો રોકાણનો સિદ્ધાંત લાગણીમાં પણ લાગુ પડે છે. તેમણે લાગણીના સંદર્ભમાં વિવિધ સમીકરણો અને ફોર્મ્યુલા આપી શ્રોતાઓ પાસેથી જવાબ માગ્યો અને કહ્યું કે પ્રેમનું વિરોધી નફરત નહીં પણ બેપરવાહી છે.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ વક્તાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી રૂપિન પચ્ચીગરે સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ કરી હતી. ચેમ્બરના ગ્રૂપ ચેરમેન દીપક કુમાર શેઠવાલા, શ્રીમતી સ્વાતિબેન શેઠવાલા, શ્રી મહેશ પમનાની અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને લાગણીના ગણિત અંગે ડૉ. ઓઝા સાથે રસપ્રદ ગોષ્ઠિ કરી હતી.